પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨૧ | ૩ ફેબ્રુઆરી, ૨૦૨૨, ગુરૂવાર; મહા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચિંતા : દેશમાં કોરોનાથી દૈનિક મૃત્યુ ડબલ

**દેશમાં એક જ દિવસમાં ૧૬૧૩૮૬ નવા કેસ, ૧૭૩૩ લોકોનાં મોત : દેશમાં કોરોનાના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે પણ મૃત્યુઆંકમાં ચિંતાજનક : છેલ્લા ૨૪ કલાકમાં ૨,૮૧,૧૦૯ સંક્રમિતો સાજા થયા, દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૬૨૧૬૦૩ પર પહોંચી, દૈનિક પોઝિટિવિટી રેટ ૯.૨૬ ટકા**



નવી દિલ્હી,તા.૧

ભારતમાં જાન્યુઆરીની શરૂઆતથી કોરોનાના કેસ તીવ્ર ગતિએ વધી રહ્યા હતા પરંતુ છેલ્લા થોડા દિવસોથી ઘટી રહ્યા છે. દેશમાં કોરોનાના નવા કેસ સૌથી વધુ કેરળ, તમિલનાડુમાં સામે આવી રહ્યા છે. ફેબ્રુઆરીના સતત બીજા દિવસે બે લાખથી ઓછા કેસ નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧,૬૧,૩૮૬ નવા કેસ નોંધાયા છે અને ૧૭૩૩ લોકોના મોત થયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨,૮૧,૧૦૯ સંક્રમિતો સાજા થયા છે. દેશમાં દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૬,૨૧,૬૦૩ પર પહોંચી છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૯.૨૬ ટકા છે. દેશમાં ૧ ફેબ્રુઆરીએ ૧૭,૪૨,૭૯૩ ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૭૩,૨૪,૩૯,૯૮૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના ૨૫ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધીના એક સપ્તાહના આંકડાઓ પર નજર કરીએ તો એવું લાગે છે કે દેશમાં કોવિડ સંક્રમણના કેસમાં ભલે ઘટાડો થયો હોય, પરંતુ આ સમયે મૃત્યુઆંકને

● અનુસંધાન પાન-૭ પર

## ૧૦ સપ્તાહમાં ઓમિક્રોનના વિશ્વમાં ૯ કરોડથી વધુ કેસ

**કોવિડ સંદર્ભે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ચેતવણી : ટેડ્રોસે ચેતવણી આપી કે ઓમિક્રોન, વાયરસના અન્ય સ્વરૂપો જેટલો ઘાતક નથી છતાં તેનાથી બચવાની જરૂર**

જિનેવા, તા.૨

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનોમે મંગળવારે કહ્યુ કે, ૧૦ સપ્તાહ પહેલાં કોરોના વાયરસનું ઓમિક્રોન સ્વરૂપ સામે આવ્યા બાદથી અત્યાર સુધી સંક્રમણના ૯ કરોડથી વધુ કેસ સામે આવી ચુક્યા છે. જે વર્ષ ૨૦૨૦માં સામે આવેલા કુલ કેસથી વધુ છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૦માં કોવિડ-૧૯ મહામારીની શરૂઆત થઈ હતી.

વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનોમ ઘેબરેસસે ચેતવણી આપી કે ઓમિક્રોન, વાયરસના અન્ય સ્વરૂપો જેટલો ઘાતક નથી છતાં તેનાથી બચીને રહેવાની જરૂર છે. તેમણે કહ્યું કે, વિશ્વભરના મોટાભાગના ક્ષેત્રોથી મોતની સંખ્યામાં વૃદ્ધિની ખુબ ડરામણી ખબરો આવી રહી છે.

પાછલા દિવસોમાં ડબલ્યુએચઓના ટેક્નિકલ હેડ મારિયા વૈન કેર્ખોવે ઓમિક્રોન ઝડપથી ફેલાવાનું કારણ જણાવતા કહ્યું હતું કે તેનું પ્રથમ અને ખાસ કારણ ઓમિક્રોનમાં થયેલા મ્યૂટેશન છે. તેનાથી મનુષ્યના શરીરમાં કોશિકાઓ સાથે જોડવામાં મદદ કરી રહ્યાં છે. મારિયાએ બીજું કારણ જણાવતા કહ્યું કે, આ વાયરસ ઈમ્યુન સિસ્ટમને છકાવવામાં સફળ રહ્યો છે. તે કારણ છે કે જે લોકોને પહેલાં સંક્રમણ થઈ ચુક્યું છે, તેને પણ તે શિકાર બનાવી




રહ્યો છે. સાથે વેક્સીનના બંને ડોઝ લઈ ચુકેલા લોકો પણ બચી રહ્યાં નથી. ત્રીજુ કારણ છે કે ઓમિક્રોન અપર રેસ્પિરેટરી ટ્રેક્ટને પ્રભાવિત કરી રહ્યો છે અને તે રેપ્લિકેટ પણ કરી રહ્યો છે. એટલે કે તે વાયરસ ઉપરી શ્વસન તંત્રને પોતાની ગિરફ્ટમાં લઈને અહીં પોતાના બીજા વાયરસ (પોતાની કોપી) બનાવી રહ્યો છે. આ પણ વાયરસ ફેલાવાનું મોટું કારણ છે.

## હવે, પાંચ વર્ષના બાળકો માટે કોરોનાની રસી

વોશિંગ્ટન, તા.૨

૫ વર્ષ સુધીના બાળકોને પણ મળશે કોવિડ વેક્સિન. ફાઈઝર અને બાયોએનટેક દ્વારા મંજૂરી માટે કરાઈ અરજી. મંજૂરી મળશે તો બની જશે બાળકોની પ્રથમ રસી. જ્યારે ત્રણ ડોઝની રસીના આંકડાની રાહ જોવાઈ રહી છે. આ પગલાનો હેતુ ફેબ્રુઆરીના અંત સુધીમાં તેમના માટે વહેલી તકે રસીનો માર્ગ સાફ કરવાનો છે.

**ફાઈઝર અને બાયોટેકે જાહેરાત કરી : યુએસ રેગ્યુલેટર્સનો દવા કંપનીઓને ૭ માસથી પાંચ વર્ષના બાળકો માટેની રસી માટે અરજી કરવા કહ્યું**

મંગળવારે ફાઈઝરઅને બાયોનેટટેકે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે, 'યુએસફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા કરવામાં આવેલ આગ્રહને પગલે કંપનીઓએ ૬ મહિનાથી ૫ વર્ષ સુધીના બાળકો માટે ફાઈઝરઅને બાયોટેકદ્વારા તૈયાર કરાયેલ વેક્સિનના ઈમરજન્સી ઉપયોગ માટે અરજી કરવામાં આવી છે. જો આ રસી મંજૂર થઈ જશે તો તે પાંચ વર્ષ સુધીના બાળકોને અપાતી વિશ્વની પ્રથમ રસી બની જશે. ફાઈઝરના ચેરમેન અને સીઈઓઆલ્બર્ટ બુર્લાએ જણાવ્યું છે કે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની હોસ્પિટલમાં દાખલ થવાનું ચાલુ હોવાથી, અમારો ધ્યેય ભવિષ્યના કોરોના વેરિયન્ટ્સ માટે તૈયાર રહેવાનો છે અને માતાપિતાને બાળકોને કોરોના વાયરસથી બચાવવામાં મદદ માટે વિકલ્પ ઉપલબ્ધ કરવાનો છે.

ફાઈઝરઅને બાયોટેક જણાવ્યું છે કે તેઓ અપેક્ષા રાખે છે કે સબમિશન પ્રક્રિયા થોડા દિવસોમાં પૂર્ણ થઈ જશે. ફાઈઝરના પ્રારંભિક ડેટા દર્શાવે છે કે રસી - જે પુખ્ત વયના લોકો કરતા દસમા ભાગના દરે નાના બાળકોને આપવામાં આવે છે - તે સલામત છે અને રોગપ્રતિકારક પ્રતિભાવ ઉત્પન્ન કરે છે.

● અનુસંધાન પાન-૭ પર

## યુપીમાં મંત્રી સ્વાતી સિંહની ટિકિટ કપાઈ

નવી દિલ્હી, તા.૨

ભાજપે યોગી સરકારમાં કદાવર મંત્રી રહેલા સ્વાતિ સિંહની ટિકિટ કાપી છે. સ્વાતિ સિંહને ગઈ વખતે લખનૌ જિલ્લા હેઠળ આવતી સરોજની નગર બેઠક પરથી ઉમેદવાર બનાવાયા હતા. લખનૌની તમામ બેઠક પર ઉમેદવારોના એલાન બાદ સ્વાતિ સિંહના પતિ દયાશંકર સિંહે કહ્યુ કે પાર્ટીએ સારા ઉમેદવાર પર દાવ લગાવ્યો છે. ભાજપ તમામ બેઠક પર જીતશે. ટિકિટ ના મળવા પર દયાશંકર સિંહે કહ્યુ કે ટિકિટ કોઈની હોતી નથી, પાર્ટી હોય છે. પાર્ટીએ મને ઘણા પદ આપ્યા હુ નસીબદાર છુ.

યોગી આદિત્યનાથના ગરમીવાળા નિવેદન પર જયંત ચૌધરીએ પલટવાર કર્યો કહ્યુ, મને લાગે છે કે આમનુ માથુ ખૂબ મોટુ છે અને ગયા અઠવાડિયે જે ઠંડી લહેર આવી હતી, તેમાં આમને ઠંડી લાગી ગઈ છે.

## ત્રણ કરોડ ગરીબોને પાકું મકાન આપી લાખોપતિ બનાવ્યા : મોદી

**બજેટ પર વડાપ્રધાનનો ભાજપના કાર્યકરો સાથે સંવાદ : વિશ્વ જ્યારે ભારતને નવી રીતે જોઈ રહ્યું છે તો આપણા માટે પણ જરૂરી છે કે દેશને ઝડપથી આગળ વધારવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સલાહ**

નવી દિલ્હી, તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે બજેટ ૨૦૨૨ પર ભાજપના કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો છે. પ્રધાનમંત્રી મોદીએ આ દરમિયાન બજેટની સિદ્ધિઓ ગણાવી છે. મહત્વનું છે કે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે દેશનું સામાન્ય બજેટ લોકસભામાં રજૂ કર્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે દેશ ૧૦૦ વર્ષમાં આવેલી સૌથી મોટી મહામારી સામે લડી રહ્યો છે. કોરોનાનો આ કાળખંડ દુનિયા માટે અનેક પડકારો લઈને આવ્યો છે. દુનિયા ચાર રસ્તા પર આવીને ઉભી રહી ગઈ છે, જ્યાં ટર્નિંગ પોઈન્ટ ચોક્કસ છે. આગળ જે આપણે દુનિયા જોવાના છીએ તે




એવી નહીં રહે જે કોરોના પહેલા હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યુ કે કોરોના બાદ એક નવો વર્લ્ડ ઓર્ડર બનશે. તેના સંકેત પણ જોવા મળી રહ્યાં છે. આજે ભારત તરફ જોવાના વિશ્વની નજરમાં મોટો ફેરફાર આવી રહ્યો છે. હવે દુનિયાના લોક ભારતને વધુ મજબૂત રૂપમાં જોવા ઈચ્છે છે. તેથી વિશ્વ જ્યારે ભારતને નવી રીતે જોઈ રહ્યું છે તો આપણા માટે પણ જરૂરી છે કે દેશને ઝડપથી આગળ વધારીએ. આ સમય નવા અવસરો અને નવા સંકલ્પોની સિદ્ધિનો છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, આજે ભારતની જીડીપી ૨ લાખ ૩૦ હજાર કરોડની આસપાસ છે. આજે ભારતનો વિદેશી મુદ્રા રિઝર્વ ૬૩૦ બિલિયન ડોલરને પાર કરી ગયો છે. કોરોનાના આ સમયમાં પણ ભારતે પોતાની અર્થવ્યવસ્થાને મજબૂતીથી દુનિયાનું ધ્યાન આકર્ષિત કર્યું છે. આ બજેટનું ફોકસ ગરીબ અને યુવાઓ પર છે. મૂળભૂત સુવિધાઓ આપવી અમારૂ લક્ષ્ય છે.

## કોંગ્રેસે અખિલેશ-શિવપાલની સામે ઉમેદવાર ઊભા ન રાખ્યા

લખનૌ, તા.૨

ઉત્તર પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ સામે પોતાનો ઉમેદવાર ઉતારી રહી નથી. પાર્ટીએ એક રીતે સૌહાર્દ કે સમર્થન બતાવવા માટે અખિલેશ યાદવ અને તેમના કાકા શિવપાલ યાદવ વિરૂદ્ધ ઉમેદવાર ન ઉતારવાનો નિર્ણય કર્યો છે.

આ રસપ્રદ છે કેમ કે કોંગ્રેસ-સમાજવાદી પાર્ટીના ઉતાર-ચઢાવ ભરેલા સંબંધો છતાં અખિલેશની પાર્ટી કોંગ્રેસ સુપ્રીમો સોનિયા ગાંધીની સામે રાયબરેલી અને રાહુલ ગાંધી વિરૂદ્ધ અમેઠીથી પોતાના ઉમેદવાર ઉતારતી નથી. આ વખતે બંને પાર્ટીઓએ સાથે આવવાનો નિર્ણય પણ કર્યો નથી કેમ કે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં તેમના સાથે આવવાની અસર અત્યાર સુધી બંને પાર્ટીઓ ભૂલી નથી.

સપા અધ્યક્ષ અખિલેશ યાદવ મૈનપુરી જિલ્લાની કરહલ

● અનુસંધાન પાન-૭ પર

## કારમાં એકલાને માસ્ક પહેરવાનો કાયદો કેમ લાગુ છે : હાઈકોર્ટ

નવી દિલ્હી, તા.૨

કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં રાખતા એકલા કાર ચલાવતી વખતે માસ્ક પહેરવાનુ ફરજિયાત કરવા સંબંધિત દિલ્હી સરકારના આદેશને દિલ્હી હાઈકોર્ટે વાહિયાત ગણાવ્યો છે અને કહ્યુ કે આ નિર્ણય અત્યાર સુધી કેમ લાગુ છે. બેન્ચે કહ્યુ, આ દિલ્હી સરકારનો એક આદેશ છે, આપે આને પાછો કેમ લીધો નથી. આ હકીકતમાં વાહિયાત છે. તમે પોતાની કારમાં બેઠા હોવ અને માસ્ક ફરજિયાત પહેરવાનો? જસ્ટિસ વિપિન સાંઘી અને જસ્ટિસ જસમીત સિંહની બેન્ચે દિલ્હી સરકારના વકીલને કહ્યુ, આ આદેશ હજુ પણ લાગુ કેમ છે?

કોર્ટે આ ટકોર ત્યારે કરી જ્યારે દિલ્હી સરકારનુ પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલે એક એવી ઘટના શેર કરી જેમાં માસ્ક ન પહેરવાના કારણે એક વ્યક્તિને ચલણ આપવામાં આવ્યુ હતુ. જોકે તે વ્યક્તિ પોતાની માતા સાથે એક કારમાં બેસેલી હતી અને વાહનની બારીનો કાચ ઉપર ચઢાવીને કોફી પી રહી હતી.

## ૩૭૦મી કલમ હટ્યા બાદ કાશ્મીરમાં ૪૩૯ આતંકી મર્યા : રાજ્યસભામાં સરકારનો જવાબ

નવી દિલ્હી, તા.૨

આર્ટિકલ ૩૭૦ હટ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘટનાઓને લઈને રાજ્યસભામાં સવાલ પૂછવામાં આવ્યો હતો. સાથે તે પણ પૂછવામાં આવ્યું કે અત્યાર સુધી કેટલા સુરક્ષાકર્મી આતંકીઓ સાથે અથડામણમાં શહીદ થયા છે. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે તેનો જવાબ આપ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે રાજ્યસભામાં જણાવ્યુ કે જમ્મુ-કાશ્મીરથી કલમ ૩૭૦ હટ્યા બાદ કુલ ૪૩૯ આતંકીઓ માર્યા ગયા છે. સાથે આ ઘટનાઓમાં નાગરિકો અને સુરક્ષાદળોના પણ મૃત્યુ થયા છે. આ દરમિયાન ૯૮ નાગરિક અને ૧૦૯ સુરક્ષાકર્મી પણ શહીદ થયા છે. જમ્મુ-કાશ્મીરમાં કુલ ૫૪૧ આતંકવાદી ઘટનાઓ થઈ છે.

**ટેલીફોનીક બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **સ્વ. ઝવેરભાઈ ચતુરભાઈ ચાવડા (નિવૃત્ત આઈએએસ)** ગામ : ઘાઘરેટ, હાલ ૨, વિભૂતિ સોસાયટી, રાધાસ્વામી સત્સંગ, રાણીપ. તા. ૩૧-૦૧-૨૦૨૨ સોમવારના રોજ દેવલોક પામ્યા છે. **વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તા.૩-૨-૨૦૨૨ ને ગુરુવારના રોજ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે. તેમના આત્માની શાંતિ માટે આપની પ્રાર્થના શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ છે.

હિતેશ ઝવેરભાઈ ચાવડા ૯૯૯૮૨૧૩૭૫૬
અમિત ઝવેરભાઈ ચાવડા ૯૮૨૪૦૧૭૬૪૪
ગજેન્દ્રભાઈ કરશનભાઈ ચાવડા
જશવંતભાઈ કરશનભાઈ ચાવડા
ધર્મેન્દ્રભાઈ ભગવતપ્રસાદ ચાવડા
પ્રવિણચંદ્ર કરશનભાઈ ચાવડા
ચંદ્રશેખર ભગવતપ્રસાદ ચાવડા

**શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ**

**નવ નિયુક્ત યુવા પાંખના હોદ્દેદારશ્રીઓને**

**હાર્દિક અભિનંદન અને શુભેચ્છા**





**શ્રી પિનાકીન એમ. રાવલ**
(પ્રમુખ) શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ

**શ્રી કશ્યપ જાની**
(પ્રમુખ) યુવા પાંખ

**ઉપ પ્રમુખ**
- શ્રી આનંદ જોષી
- કુ. પ્રેક્ષા રાવલ
- શ્રી ક્રિષ્ના જાની
- શ્રી તુષાર રાવલ
- શ્રી અનુરાગ પાંડે
- શ્રી મોનિલ ઠાકર

**મહામંત્રી**
- શ્રી હાર્દિક રાવલ

**સહમંત્રી**
- શ્રી પાર્થિવ રાવલ
- શ્રી અભિષેક ઉપાધ્યા
- શ્રી ધર્મેશ પાંડે
- શ્રી વિરલ વ્યાસ
- શ્રી કૌશિકભાઈ જોષી
- શ્રી મિહિર ભટ્ટ

**સંગઠન મંત્રી**
- શ્રી વિશાલ શુકલા
- શ્રી અપૂર્વ શુકલા
- શ્રી જયદીપભાઈ રાવલ
- શ્રી હાર્દિકભાઈ પંડ્યા
- શ્રી પ્રિયંક પુરોહિત
- શ્રી ચિરાગ પાઠક
- શ્રી ચિરાગ ત્રિવેદી
- શ્રી ચિંતન ભટ્ટ

**ખજાનચી**
- શ્રી મિલન પાઠક

**સહ ખજાનચી**
- શ્રી સ્મિત પઢિયાર

**કાર્યાલય મંત્રી**
- શ્રી અક્ષય રાવલ
- શ્રી જનક આચાર્ય

શ્રી સોમનાથ મહાદેવની કૃપાથી સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખશ્રી તથા તમામ કારોબારી સભ્યોને હાર્દિક અભિનંદન

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ અને સલાહકાર સમિતિ સભ્યશ્રીઓ